# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૩ તા.૯-૯-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘની સામાન્ય સભા તા.૧૬-૯-૧૬ને શુક્રવારે બપોરે ૨-૩૦ કલાકે સ્કાઉટભવન ખાતે રાખેલ છે. તો આપની શાળામાં ટ્રુપ ચલાવતા તમામ સ્કાઉટર/ગાઈડર/કબમાસ્ટર/ફ્લોકલીડર શિક્ષકને હાજર રહેવા અચૂક જણાવશો.

શિક્ષક મિત્રોએ સાથે પોતાની ટ્રુપના હાજરીપત્રકની ઝેરોક્ષ, બેંક એકા.ના પાસબુકની ઝેરોક્ષ, શાળામાં ઉપલબ્ધ ગણવેશની માહિતી, બેન્ડના સાધનોની માહિતી તથા નિયમિત શાળામાં મિલન લેવાય છે કે નહીં તે અંગેનો મુખ્ય શિક્ષકશ્રીનો રિપોર્ટ સાથે લેતા આવવા જણાવવું.

તા.૯-૯-૧૬ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

**નોંધ :- ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૬ અગાઉ તા.૧૯-૯-૧૭ના રોજ યોજાનાર હતું તેને બદલે હવે તા.૧૭-૯-૧૬ ના રોજ રાબેતા મુજબ યોજવામાં આવશે. જેની નોંધ લેવી.**

**પરિપત્ર નં. ૭૪ તા.૯-૯-૧૬**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-**

આથી મ્યુનિસિપલ શાળાઓના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે વર્ષ 2016/17 ના બજેટમાં સેવાકાલીન શિક્ષક તાલીમ અંતર્ગત 8 દિવસની બ્લોક કક્ષાની અને 4 દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમની જોગવાઇ મંજૂર થયેલ છે. તે પૈકી 2 દિવસ બ્લોક કક્ષાની અને 1 દિવસ ક્લસ્ટર કક્ષાની તાલીમ પૂર્ણ કરવામાં આવેલ છે. આ તાલીમના આયોજન અંગેની સમગ્ર વ્યુહરચના નિયત કરવા એસએસએ અને જીસીઇઆરટીની તાલીમ શાખા દ્વારા પરામર્શ બેઠક યોજાયેલ હતી. ત્યારબાદ આ બેઠકમાં 8 દિવસની બ્લોક કક્ષાની અને 4 દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમ અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ આયોજન કરવા રાજ્ય સરકાર દ્વારા આદેશ કરવામાં આવેલ છે.

- બ્લોક કક્ષાની 8 દિવસની તાલીમ પૈકી
  - પ્રથમ તબક્કામાં બે દિવસની તાલીમ " પઢે ભારત બઢે ભારત " કાર્યક્રમ અન્વયે ધોરણ 1 થી 8 ના પ્રજ્ઞા સહિતના તમામ શિક્ષકો માટે, વાંચન, ગણન, લેખન અને નિદાન-ઉપચારાત્મક વિષયવસ્તું તથા સર્વાંગી શિક્ષણની તાલીમ 25 જુલાઇ 2016 થી ઓગસ્ટના બીજા સપ્તાહ સુધી પૂરણ કરવામાં આવેલ છે.
  - બીજા તબક્કામાં ત્રણ દિવસની વિષયવસ્તું આધારિત તાલીમ પ્રજ્ઞા શિક્ષકો સિવાયના શિક્ષકો માટે સપ્ટેમ્બર માસની 14 તારીખથી ઓક્ટોબરના બીજા સપ્તાહ દરમ્યાન રોટશનમાં નિયત વર્ગોમાં તાલીમ યોજવામાં આવશે. જેનો વિગતવાર કાર્યક્રમ આ સાથે સામેલ છે.
  - પ્રજ્ઞા અભિગમ સાથે જોડાયેલ શિક્ષકોની તાલીમનો કાર્યક્રમ અલગથી સાથે સામેલ છે.
- ક્લસ્ટર કક્ષાની 4 દિવસીય તાલીમનું આયોજન
  - ચાર દિવસીય ક્લસ્ટર કક્ષાની તાલીમ પૈકી 1 દિવસની તાલીમ પૂર્ણ કરવામાં આવેલ છે. હવે પછીની તાલીમ 1/10/2016 ના રોજ ક્લસ્ટર કક્ષાએ યોજવામાં આવશે. જેનો કાર્યક્રમ સીઆરસી દ્વારા ધોરણ અને વિષય વાઇઝ મોકલી આપવામાં આવશે.
  - પ્રથમ સત્રની ક્લસ્ટર કક્ષાની 2 એક દિવસીય તાલીમ અંગેનું તાલીમ સાહિત્ય બ્લોક કક્ષાની તાલીમના મોડ્યુલમાં સમાવિષ્ટ કરેલ હોઇ અલગથી મોડ્યુલ આપવાનું થતું નથી જેથી તાલીમ દરમ્યાન મોડ્યુલ સાથે રાખવાનું રહેશે.
  - ક્લસ્ટર કક્ષાની તાલીમમાં વિષયવસ્તું ઉપરાંત જે માસની તાલીમ સમયે તેના પહેલાના માસમાં થયેલ શૈક્ષણિક કાર્યના કઠિન બિંદુની સમીક્ષા/ચર્ચા તથા તે પછીના માસમાં કરવાના થતા શૈક્ષણિક કાર્યનું આયોજન અંગેના મુદ્દાઓની તાલીમ યોજવામાં આવશે.

- ક્લસ્ટર કક્ષાની તાલીમ દરમ્યાન શાળાની મધ્યાહન ભોજન સહિત સમગ્ર વ્યવસ્થા મુખ્ય શિક્ષક અને એસએમસીના સભ્યોના મારફતે કરવાની રહશે. અને તે દિવસે શાળાનું શૈક્ષણિક કાર્ય અનઅધ્યયન રાખવાનું રહેશે.
- તાલીમના ખર્ચ અંગે
  - તાલીમમાં પ્રતિ શિક્ષક રૂ. ૧૦ પ્રમાણેની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવશે. તાલીમમાં પ્રતિ શિક્ષક રૂ. 40 ની મહત્તમ મર્યાદામાં અલ્પાહાર આપવાનું નક્કી કરેલ છે.
  - તાલીમમાં ઉપસ્થિત તાલીમાર્થી શિક્ષકોને શુદ્ધ, સાત્વિક અલ્પાહાર મળી રહે તે હેતુંસર અલ્પાહાર માટે નીચે મુજબની સમિતિનું જે તે તાલીમ સેન્ટર ખાતે નિર્માણ કરીને, તેમના દ્વારા તાલીમમાં હાજર તમામ શિક્ષકોને અલ્પાહાર આપવા અંગે યોગ્ય વ્યવસ્થા કરવા અને તે અંગેના પ્રતિ શિક્ષક મહત્તમ ખર્ચ રૂ. 40 ની મર્યાદામાં કરવાની નીતિ કરેલ છે.
  - અલ્પાહાર અને વ્યવસ્થપક સમિતિ
    - 1. વર્ગ સંચાલક ( સીઆરસી કો-ઓર્ડિનેટર )
    - 2. સ્થાનિક શિક્ષક / મુખ્ય શિક્ષક
    - 3. મહિલા શિક્ષિકા ( તાલીમાર્થી પૈકી 2 )
    - પુરૂષ શિક્ષક ( તાલીમાર્થી પૈકી 1 )
- અલ્પાહારનો સમય રિસેસ સમય દરમ્યાન ગોઠવવાનો રહેશે.
- વાહન ભથ્થું
  - નોકરીના સ્થળેથી તાલીમના સ્થળે આવવા જવાનું રોજે રોજ થતું ભાડું ( મહત્તમ રૂ. 45 ની મર્યાદામાં ) જ્યાં બસ સુવિધા અપ્રાપ્ય હોય તેવા વિસ્તારમાં તેમજ કોર્પોરેશન અને નગરપાલિકા વિસ્તારમાં તાલીમ સ્થળે આવવા જવાનું વ્યાજબી વાહનખર્ચ ચુકવવામાં આવશે.
  - વાહનભથ્થું જે તે હાજર તાલીમાર્થીના સેલેરી એકાઉન્ટમાં ઇ-ટ્રાન્સફર કરવામાં આવશે. માટે તાલામાર્થીએ પોતાનો સેલેરી એકાઉન્ટ નંબર, બ્રાન્ચનું નામ અને IFSC કોડ તાલીમના પ્રથમ દિવસે સ્થળ સંચાલકને આપવાના રહેશે. જો તે રજુ નહિ કરવામાં આવે તે તેની સમગ્ર જવાબદારી તાલીમાર્થીની રહેશે. આ તાલીમમોમાં તાલીમાર્થીને ડી.એ. ચુકવવાનું થતું નથી.
- તાલીમ દરમ્યાન કન્ટીજન્સી, સ્ટેશનરી અને અન્ય આવશ્યક/જરૂરિયાત મુજબના ખર્ચ અંગે
  - તાલીમમાં તાલીમ દરમ્યાન કન્ટીજન્સી, સ્ટેશનરી અને અન્ય આવશ્યક/જરૂરિયાત મુજબના આનુંસંગિક ખર્ચ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ મહત્તમ રૂ. 5 નો ખર્ચ ઉપર જણાવેલ સમિતિના પરામર્શમાં રહીને કરવાનો રહેશે.
- રિસોર્સ પર્સનને પુરસ્કૃત કરવા અંગે
  - સીઆરજી તરીકે કામ કરનાર શિક્ષકોનો ઉત્સાહ ટકી રહે અને તેઓના કામની હકારાત્મક નોંધ લેવાય તે હેતુંથી શિક્ષક તાલીમમાં તજજ્ઞ તરીકે કામગીરી કરનાર શિક્ષકોને પુરસ્કૃત કરવા પ્રતિ દિવસ ઉચ્ચક રૂ. 50 લેખે વિશેષ પુરસ્કાર આપવામાં આવશે.
- તાલીમનો સમયગાળો
  - વર્ષ 2016-17 માં બ્લોક કક્ષાની શિક્ષક તાલીમનો સમય શૈક્ષણિક સત્ર અનુસાર સવારે 11.00 કલાક થી 5.00 કલાક ( 30 મિનિટ રિસેસ સહિત ) નક્કિ કરવામાં આવે છે. જ્યારે ક્લસ્ટર કક્ષાની તાલીમનો સમય સવારે 7:00 થી 13:00 (30 મીનીટ રીશેષ સહિત) નક્કી કરવામાં આવે છે.
- તાલીમની આચારસંહિતાનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.
  - તાલીમ દરમયાન તાલીમાર્થી વર્ગખંડમાં મોબાઇલનો ઉપયોગ કરી શકશે નહિ.
  - તાલીમના સ્થળે સમય મર્યાદામાં તાલીમ વર્ગખંડમાં હાજર રહેવાનું રહેશે.
  - તાલીમ દરમ્યાન મળેલ વિષયવસ્તુંનો વર્ગખંડમાં ઉપયોગ કરવાનો રહેશે.
  - તાલીમમાં ગેરહાજર કે વચ્ચેથી ગેરહાજર રહેનાર તાલીમાર્થીએ સ્વખર્ચે રજાના દિવસે તાલીમ મેળવવાની રહેશે.
  - તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર તાલીમાર્થીએ અગાઉથી શાસનાધિકારી પાસે રજા મંજૂર કરાવી તેની એક કોપી વર્ગ સંચાલકને મોકલવાની રહેશે.
  - તાલીમના સ્થળ અને વર્ગખંડમાં સ્વચ્છતા જળવાય તે જોવાની આપણા સૌની જવાબદારી છે.
  - તાલીમની હાજરી રાજ્ય કક્ષાએ તાલીમ શરૂ થયેથી 10 મિનીટમાં જણાવી દેવાની હોવાથી તે પછી આવનાર શિક્ષકને ગેરહાજર ગણવામાં આવશે.
  - તાલીમ દરમ્યાન હેન્ડ હોલ્ડીંગ મોનીટરીંગ સભ્ય તરીકે જે તે બીટના સુપવાઇઝર / મદદનીશ શાસનાધિકારીની જવાબદારી નક્કી કરવામાં આવે છે તો તેઓએ તાલીમના સ્થળે શરૂઆતના એક કલાક અગાઉ પહોંચી તાલીમ

અંગેની સંપૂર્ણ આયોજનની ચકાસણી કરશે તેમજ આ હેન્ડ હોલ્ડીંગ મોનીટરીંગ સભ્ય તાલીમાર્થી શિક્ષકો સાથે સમૂહમાં ચર્ચા કરી તજજ્ઞને મદદરૂપ બનશે.

- o રાજ્ય અને જિલ્લાની મોનીટરીંગ ટીમ દ્વારા કરવામાં આવેલ મોનીટરીંગના પત્રકોમાં સ્થળ સંચાલક અને તાલીમાર્થીની કોઇપણ પ્રકારની ત્રુટી કે સારી બાબતની ડેટા એન્ટ્રી ઓઆઇસી ટીટી દ્વારા કરીને રાજ્યની કચેરીએ મોકલવાની રહેશે.
- o તાલીમના મોનીટરીંગ વખતે શિક્ષકોને સમૂહમાં ભેગા કરી વક્તવ્ય/સૂચનો આપવાના રહેશે નહિ એટલે કે તાલીમ દરમ્યાન માત્ર અને માત્ર તાલીમની ચર્ચા થાય તે જોવાની જવાબદારી સ્થળ સંચાલક અને હેન્ડ હોલ્ડીંગ પર્સનની રહેશે.

તા.૯-૯-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ**

**નોન પ્રજ્ઞા વિષય વસ્તુ સજ્જતા 3 દિવસીય બ્લોક તાલીમ 2016 બીજો તબક્કો**

| બેચ | સીઆરસી | તાલીમની તારીખ | તાલીમ સ્થળ | તાલીમાર્થીનું ધોરણ/વિષય | માધ્યમ | યુઆરસી ઝોન |
|---|---|---|---|---|---|---|
| 1 | સાબરમતી | 14-15-16 સપ્ટેમ્બર 2016 | સાબરમતી ગુજ. શાળા નં- ૫/૬ | ધોરણ: ૧ | ગુજરાતી | પશ્ચિમ |
| 1 | કાકરિયા | 14-15-16 સપ્ટેમ્બર 2016 | કાંકરીયા ગુજ. શાળા નં. - ૧/૨ | ધોરણ: ૧ | ગુજરાતી | દક્ષિણ |
| 1 | સૈજપુર | 14-15-16 સપ્ટેમ્બર 2016 | સૈજપુર ગુજ. શાળા નં - ૫ | ધોરણ: ૧ | ગુજરાતી | ઉત્તર |
| 1 | ભાઇપુરા | 14-15-16 સપ્ટેમ્બર 2016 | અમરાઈવાડી ગુજ. શાળા નં. ૭ | ધોરણ: ૧ | ગુજરાતી | પૂર્વ |
| 1 | ઓઢવ | 14-15-16 સપ્ટેમ્બર 2016 | અંબિકાનગર હિન્દી શાળા નં. - ૧ | ધોરણ: ૧ | હિન્દી | તમામ |
| 5 | દરિયાપુર | 3-4-5 ઓક્ટોબર 2016 | દરિયાપુર શાળા નં. - ૧૬ | ધોરણ: ૧ | ઉર્દૂ | તમામ |
| 2 | શાહપુર | 19-20-21 સપ્ટેમ્બર 2016 | શાહપુર ગુજ. શાળા નં. ૧૧/૧૨ | ધોરણ: ૨ | ગુજરાતી | પશ્ચિમ |
| 2 | કાકરિયા | 19-20-21 સપ્ટેમ્બર 2016 | કાંકરીયા ગુજ. શાળા નં. - ૧/૨ | ધોરણ: ૨ | ગુજરાતી | દક્ષિણ |
| 2 | પોટલીયા | 19-20-21 સપ્ટેમ્બર 2016 | સરસપુર ગુજ શાળા નં - ૧૧ | ધોરણ: ૨ | ગુજરાતી | ઉત્તર |
| 2 | ગોમતીપુર | 19-20-21 સપ્ટેમ્બર 2016 | ગોમતીપુર શાળા નંબર 2 | ધોરણ: ૨ | ગુજરાતી | પૂર્વ |
| 2 | બહેરામપુરા | 19-20-21 સપ્ટેમ્બર 2016 | બહેરામપુરા ઉર્દૂ શાળા નં. - ૧ | ધોરણ: ૨ | ઉર્દૂ | તમામ |
| 2 | ગિરધરનગર | 19-20-21 સપ્ટેમ્બર 2016 | પ્રિતમપુરા ગુજ. શાળા નં. - ૧ | ધોરણ: ૨ | હિન્દી | તમામ |
| 3 | વાસણા | 22-23-24 સપ્ટેમ્બર 2016 | વાસણા ગુજ. શાળા નં- 3/૪ | ધોરણ: 3 | ગુજરાતી | પશ્ચિમ |
| 3 | અસારવા | 22-23-24 સપ્ટેમ્બર 2016 | અસારવા ગુજ. શાળા નં. - ૧૧ | ધોરણ: 3 | ગુજરાતી | ઉત્તર |
| 3 | અમરાઇવાડી | 22-23-24 સપ્ટેમ્બર 2016 | અમરાઈવાડી ગુજ. શાળા નં. ૧૬ | ધોરણ: 3 | ગુજરાતી | પૂર્વ |
| 3 | વટવા | 22-23-24 સપ્ટેમ્બર 2016 | જશોદાનગર ગુજ. શાળા નં - ૧/૨ | ધોરણ: 3 | ગુજરાતી | દક્ષિણ |
| 3 | ખોખરા | 22-23-24 સપ્ટેમ્બર 2016 | ખોખરા ગુજ. શાળા નં - ૨ | ધોરણ : 3 | હિન્દી | તમામ |
| 3 | દરિયાપુર | 22-23-24 સપ્ટેમ્બર 2016 | દરિયાપુર શાળા નં. - ૧૬ | ધોરણ: 3 | ઉર્દૂ | તમામ |
| 4 | કુબેરનગર | 26-27-28 સપ્ટેમ્બર 2016 | કુબેરનગર અંગ્રેજી શાળા નં. - ૧ | ધોરણ: ૪ | ગુજરાતી | ઉત્તર |
| 4 | દાણીલીમડા | 26-27-28 સપ્ટેમ્બર 2016 | દાણીલીમડા ગુજ શાળા નં. - 3 | ધોરણ: ૪ | ગુજરાતી | દક્ષિણ |
| 4 | રખિયાલ | 26-27-28 સપ્ટેમ્બર 2016 | બાપુનગર ગુજ. શાળા નં - ૫ | ધોરણ: ૪ | ગુજરાતી | પૂર્વ |
| 4 | ગિરધરનગર | 26-27-28 સપ્ટેમ્બર 2016 | પ્રિતમપુરા ગુજ. શાળા નં. - ૧ | ધોરણ: ૪ | હિન્દી | તમામ |
| 4 | વાસણા | 26-27-28 સપ્ટેમ્બર 2016 | વાસણા ગુજ. શાળા નં- 3/૪ | ધોરણ: ૪ | ગુજરાતી | પશ્ચિમ |
| 4 | બહેરામપુરા | 26-27-28 સપ્ટેમ્બર 2016 | બહેરામપુરા ઉર્દૂ શાળા નં. - ૧ | ધોરણ: ૪ | ઉર્દૂ | તમામ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 5 | દાણીલીમડા | **3-4-5 ઓક્ટોબર 2016** | દાણીલીમડા ગુજ શાળા નં. - ૩ | ધોરણ: ૫ | ગુજરાતી | દક્ષિણ |
| 5 | સૈજપુર | **3-4-5 ઓક્ટોબર 2016** | સૈજપુર ગુજ. શાળા નં - ૫ | ધોરણ: ૫ | ગુજરાતી | ઉત્તર |
| 5 | અમરાઇવાડી | **3-4-5 ઓક્ટોબર 2016** | અમરાઈવાડી ગુજ. શાળા નં. ૧૬ | ધોરણ: ૫ | ગુજરાતી | પૂર્વ |
| 5 | ઓઢવ | **3-4-5 ઓક્ટોબર 2016** | અંબિકાનગર હિન્દી શાળા નં. - ૧ | ધોરણ: ૫ | હિન્દી | તમામ |
| 5 | ગાધીગ્રામ | **3-4-5 ઓક્ટોબર 2016** | એલિસ. ગુજ. શાળા નં-૨/૨૪ | ધોરણ: ૫ | ગુજરાતી | પશ્ચિમ |
| 5 | બહેરામપુરા | **3-4-5 ઓક્ટોબર 2016** | બહેરામપુરા ઉર્દુ શાળા નં. - ૧ | ધોરણ: ૫ | ઉર્દુ | તમામ |

ધોરણ : ૬ થી ૮

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3 | વાડજ | **22-23-24 સપ્ટેમ્બર 2016** | વાડજ ગુજ. શાળા નં ૩/૪ | ભાષા | ગુજરાતી | પશ્ચિમ |
| 3 | મણીનગર | **22-23-24 સપ્ટેમ્બર 2016** | મણિનગર ગુજ. શાળા નં - ૪ | ભાષા | ગુજરાતી | દક્ષિણ |
| 3 | પોટલીયા | **22-23-24 સપ્ટેમ્બર 2016** | સરસપુર ગુજ શાળા નં - ૧૧ | ભાષા | ગુજરાતી | ઉત્તર |
| 3 | બાપુનગર | **22-23-24 સપ્ટેમ્બર 2016** | બાપુનગર ગુજ. શાળા નં - ૧૩ | ભાષા | ગુજરાતી | પૂર્વ |
| 3 | ગિરધરનગર | **22-23-24 સપ્ટેમ્બર 2016** | પ્રિતમપુરા ગુજ. શાળા નં. - ૧ | ભાષા | હિન્દી | તમામ |
| 3 | બહેરામપુરા | **22-23-24 સપ્ટેમ્બર 2016** | બહેરામપુરા ઉર્દુ શાળા નં. - ૧ | ભાષા | ઉર્દુ | તમામ |

ધોરણ : ૬ થી ૮

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 2 | ગાધીગ્રામ | **19-20-21 સપ્ટેમ્બર 2016** | એલિસ. ગુજ. શાળા નં-૨/૨૪ | એસ.એસ. | ગુજરાતી | પશ્ચિમ |
| 2 | મણીનગર | **19-20-21 સપ્ટેમ્બર 2016** | મણિનગર ગુજ. શાળા નં - ૪ | એસ.એસ. | ગુજરાતી | દક્ષિણ |
| 2 | નરોડા રોડ | **19-20-21 સપ્ટેમ્બર 2016** | નરોડારોડ ગુજ. શાળા નં - ૧ | એસ.એસ. | ગુજરાતી | ઉત્તર |
| 2 | અમરાઇવાડી | **19-20-21 સપ્ટેમ્બર 2016** | અમરાઈવાડી ગુજ. શાળા નં. ૧૬ | એસ.એસ. | ગુજરાતી | પૂર્વ |
| 2 | ખોખરા | **19-20-21 સપ્ટેમ્બર 2016** | ખોખરા ગુજ. શાળા નં - ૨ | એસ.એસ. | હિન્દી | તમામ |
| 2 | બહેરામપુરા | **19-20-21 સપ્ટેમ્બર 2016** | બહેરામપુરા ઉર્દુ શાળા નં. - ૧ | એસ.એસ. | ઉર્દુ | તમામ |

ધોરણ : ૬ થી ૮

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | નારણપુરા | **14-15-16 સપ્ટેમ્બર 2016** | નારણપુરા ગુજ. શાળા નં. - ૪ | ગણિત અને વિજ્ઞાન | ગુજરાતી | પશ્ચિમ |
| 1 | બાગેફિરદોશ | **14-15-16 સપ્ટેમ્બર 2016** | બાગેફિરદોશ ગુજ. શાળા નં. - ૧ | ગણિત અને વિજ્ઞાન | ગુજરાતી | દક્ષિણ |
| 1 | નરોડા મુઠિયા | **14-15-16 સપ્ટેમ્બર 2016** | નરોડા ગુજ. શાળા નં. - ૧/૨ | ગણિત અને વિજ્ઞાન | ગુજરાતી | ઉત્તર |
| 1 | નિકોલરોડ | **14-15-16 સપ્ટેમ્બર 2016** | પુરૂષોત્તમનગર ગુજ. શાળા નં. - ૧ | ગણિત અને વિજ્ઞાન | ગુજરાતી | પૂર્વ |
| 1 | ખોખરા | **14-15-16 સપ્ટેમ્બર 2016** | ખોખરા ગુજ. શાળા નં - ૨ | ગણિત અને વિજ્ઞાન | હિન્દી | તમામ |
| 5 | દરિયાપુર | **3-4-5 ઓક્ટોબર 2016** | દરિયાપુર શાળા નં. - ૧૬ | ગણિત અને વિજ્ઞાન | ઉર્દુ | તમામ |